कामये दुःखतप्तानां प्राणिनामार्तिनाशनम्।

# ડૉ. શ્રી હેડગેવાર સ્મારક સેવા સમિતિ

**ગાંધીનગર**


(નોંધણી ક્રમાંક : ઈ-૨૫૮ ગાંધીનગર)



આપણા સમાજને સુસંગઠિત કરી, સમાજમાં બંધુભાવ નિર્માણ કરવા પોતાના જીવનને ચંદનકાષ્ટની જેમ ઘસી નાખનાર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્થાપક ડૉ. હેડગેવાર ની પાવન સ્મૃતિમાં તેમના જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે આ ન્યાસ (ટ્રસ્ટ) ની રચના કરવામાં આવી છે. વિવિધ સેવાકાર્યો દ્વારા સામાજિક સમરસતા નિર્માણ કરવા માટે ટ્રસ્ટ પ્રવૃત્તિશીલ છે. એકાત્મ, એકરસ, શોષણમુક્ત સમાજનું નિર્માણ એ જ આપણા સૌનું લક્ષ છે.

**આપણું લક્ષ :**

- સૈકાઓ વર્ષોથી આપણા જ ઉપેક્ષિત બાંધવોના ઉત્થાન દ્વારા સમાજમાં એકાત્મભાવ જાગૃત કરવો.
- સંપર્કના માધ્યમથી સામાજિક દૂષણો તથા કુરિવાજો દૂર કરવા.
- સામાજિક સમરસતાની સ્થાપના.
- સેવાના માધ્યમથી સંસ્કાર, શિક્ષણ, સ્વાસ્થ્ય સુધાર, સ્વાવલંબન અને સંપન્નતા નિર્માણ કરી સેવાવૃત્તિ જગાવવી.
- સેવાવસ્તીમાં સેવાકાર્યોના માધ્યમથી સમાજ-સંગઠન કરવું.




**દરિદ્રનારાયણની સેવા કરીએ - સ્વામી વિવેકાનંદ**

## જન સેવા એ જ પ્રભુસેવા



આ સમાજ ભગવાનનું સાક્ષાત્ સ્વરૂપ છે. એવા સમાજ માટે સેવાકીય કાર્યો કરવા એ ભગવાનની પૂજા સમાન છે. સ્વામી વિવેકાનંદના શબ્દોને સાકાર સ્વરૂપ આપવા આપણી આસપાસની સેવાવસ્તીમાં સંસ્કાર કેન્દ્ર, શિક્ષણ કેન્દ્ર જેવા કામો શરૂ કરવાનો સહિયારો પ્રયાસ કરીએ.

**સ્વાવલંબન :**

આત્મનિર્ભર સમાજ એ સ્વસ્થ સમાજની ઓળખ છે. આપણા અભાવગ્રસ્ત બાંધવોને રોજગાર મળી રહે અને સ્વાવલંબન દ્વારા ગૌરવપૂર્ણ જીવન જીવી શકાય તે માટે સિવણ વર્ગ... જેવા પ્રયાસ પણ ચાલેછે.

**આપણા સેવાકાર્યો :**

- ગાંધીનગર : સેક્ટર-૧૩ ની સેવાવસ્તીમાં સાપ્તાહિક દવાખાનું, સેક્ટર-૨૫ ની સેવાવસ્તીમાં બાલવાડી, જી.ઈ.બી. પાસેની સેવાવસ્તી માં શૈક્ષણિક સેવાકાર્ય.
- ધોળકા : સંસ્કાર કેન્દ્ર
- બાકણા કોટડા (તા. મેઘરજ) : વનવાસી બંધુઓ માટે આરોગ્ય કેન્દ્ર
- ટોરડા, ભિલોડા : મહિલા સ્વાવલંબન કેન્દ્ર




## મનુષ્યમાં રહેલ આત્માની સેવા કરીએ

सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः ।



આરોગ્ય સેવા, શિક્ષણ કેન્દ્ર, સંસ્કાર કેન્દ્ર, સ્વાવલંબન કેન્દ્ર વગેરે કાર્યો ગાંધીનગર શહેર, ગાંધીનગર, અમદાવાદ અને સાબરકાંઠા જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં ચલાવવામાં આવે છે. તદુપરાંત પ્રાસંગિક સેવાકાર્યોનું આયોજન પણ કરવામાં આવે છે.

**આરોગ્ય સેવા :**

તંદુરસ્ત સમાજ માટે તંદુરસ્ત માનવજીવન આવશ્યક છે, આ વિચારને ધ્યાનમાં લઈ કેટલાક સેવાભાવી ડૉક્ટર તથા કાર્યકર્તાઓ શહેરની સેવાવસ્તી તથા વનવાસી વિસ્તારોમાં દવાખાનું ચલાવવા માટે સેવા આપે છે.

**શિક્ષણ - સંસ્કાર :**

આપણા સમાજમાં નિરક્ષરતા રહે એ શોભાસ્પદ નથી. તેમજ સંસ્કારી સમાજનું નિર્માણ પણ અત્યંત આવશ્યક છે. એ હેતુસર કાર્યકર્તાઓ શિક્ષણ કેન્દ્ર, સંસ્કાર કેન્દ્રની પ્રવૃત્તિ ચલાવે છે. નિરક્ષરતાને દૂર કરવાનો તેમજ સમાજની નવી પેઢીને સંસ્કારિત બનાવવાનો આ એક નમ્ર પ્રયાસ છે.



દરરોજ એક સેવાકાર્ય કરીએ

आत्मानो मोक्षार्थं च जगत हिताय च समाज परिवर्तनाय च ।



**પ્રાસંગિક સેવાકાર્ય :**

- બાળકોની આરોગ્ય તપાસ
- રક્ત ગટ પરીક્ષા
- સર્વરોગ નિદાન શિબિર
- નેત્રદાન સંકલ્પ કાર્યક્રમ
- કુદરતી સંકટ સમયે વિવિધ સેવાકીય કામો
- સામાજિક સમરસતાના કાર્યક્રમ ● દવા પેટી
- વિદ્યાર્થી સહાય યોજના... વગેરે

**આપ કેવી રીતે સહાય કરશો ?**

- સમય દાન : સેવાકીય પ્રવૃત્તિ માટે સમય આપી આપણા જીવનને ધન્ય બનાવો
- આર્થિક સહયોગ :
  મંગલનિધિ : આપણા પરિવાર માં આવતા મંગળ પ્રસંગે દાન આપીએ
  સ્મૃતિનિધિ : આપણા સ્વજનની સ્મૃતિમાં દાન
  સેવાનિધિ : દર મહિને / વર્ષે કાયમી તેમજ વિશેષ સેવાકાર્ય માટે દાન આપીએ.

● આપનો આર્થિક સહયોગ ચેક અગર ડ્રાફ્ટ દ્વારા હોય તો 'ડૉ. શ્રી હેડગેવાર સ્મારક સેવા સમિતિ'ના નામે મોકલવા વિનંતી.


**સંપર્ક સ્થાન**

**ડૉ. શ્રી હેડગેવાર સ્મારક સેવા સમિતિ**

''કેશવ-સ્મૃતિ''

૩૫૧, "ક" ટાઈપ, સેક્ટર-૨૮ ગાંધીનગર-૩૮૨૦૨૮

દૂરભાષ : ૦૨૭૧૨ - ૨૧૯૮૯


**દરરોજ એક સેવાકાર્ય કરીએ**